# અંબાજી મહામેળામાં વિક્રમી ભાવિકો ઉમટ્યા

## અંબાજી મહા મેળાની શ્રદ્ધા વચ્ચે પુર્ણાહુતિ : મેળાના સમાપન અવસરે જાડેજા ઉપસ્થિત : દોઢ કિલોથી વધુ સોનુ અને રૂપિયા ૩.૭૦ કરોડથી વધુની રોકડ આવક

અંબાજી, તા. ૧૪

અંબાજી મહામેળાની આજે પુર્ણાહુતી થઈ હતી. છેલ્લા છ દિવસથી અંબાજીમાં દર્શન કરવા માટે પહોંચેલા શ્રદ્ધાળુઓનો આંકડો આશરે ૨૦ લાખની આસપાસ પહોંચી ગયો હતો. આજે તેમાં લાખો લોકો બીજા ઉમેરાઈ ગયા હતા આની સાથે જ અંબાજી મેળામાં પહોંચેલા શ્રદ્ધાળુઓનો આંકડો રેકોર્ડ સ્તર પર પહોંચી ગયો છે. આજે અંબાજી મેળાના છેલ્લા દિવસે ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ પણ પોલીસ પરિવાર તરફથી અંબાજી મંદિરમાં ધ્વજા રોહણ કર્યું હતું. મેળાના સમાપન પ્રસંગે પ્રદિપસિંહ જાડેજાએ પરિવાર સાથે પહોંચીને મંદિરમાં પૂજા પણ કરી હતી. જાડેજાએ પ્રચંડ જયઘોષ સાથે માતાજીની આરતી કરી હતી. મીડિયા સાથેની વાતચીતમાં જાડેજાએ કહ્યું હતું કે, ભાદરવી મહા મેળામાં દુર દુરથી લાખો યાત્રીઓ અંબાજી આવીને ધન્ય અનુભવ કરે છે. નર્મદા ડેમ ૧૩૮ની સપાટીએ છલોછલ ભરાયો છે. આજે છેલ્લા દિવસે પણ શ્રદ્ધાળુઓમાં પડાપડી થઈ હતી. જગતજનની મા અંબાના ધામ અંબાજીમાં ભાદરવી પૂનમના મહામેળાનું આજે સમાપન થયુ હતુ. લાખો શ્રધ્ધાળુઓ ગુજરાત અને રાજય બહારથી દૂર દૂરથી માતાજીના દર્શન માટે અને ભાદરવી પૂનમના મેળા માટે ઉમટયા હતા. જેના કારણે અંબાજીમાં બોલ માડી અંબે, જય..જય...અંબેના ભકિતનાદ સતત ગુંજી ઉઠયા હતા.

ભાદરવી પૂનમના મેળાના સમાપન સુધીમાં રાજ્યના ખૂણે ખૂણેથી અને રાજય બહારથી મળી અંદાજે ૧૭ લાખથી વધુ ભક્તોએ મા અંબાના પાવનકારી દર્શનનો લ્હાવો લીધો હતો. આજે ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ પણ માતાજીની આરતી ઉતારીને ધજા ચઢાવી હતી તેમજ સૌની મનોકામના પૂર્ણ કરવા આશીર્વાદ માગ્યા હતા. તેમણે જણાવ્યું કે, મહામેળા પ્રસંગે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યાત્રિકો માટે વ્યાપક સુવિધાઓ ઉભી



કરવામાં આવે છે અને માતાજીની કૃપાને લીધે એકપણ નાનો સરખો અનિચ્છનિય બનાવ બન્યો નથી. દરમ્યાન માંઈભકત એવા નેબ્રોસ ફાર્મા પ્રાઈવેટ લિમિટેડ (અમદાવાદ)ના માલિક નવનીત શાહે રૂ.૩૧.૯૬ લાખની કિંમતનું એક કિલો સોનુ માતાજીના ચરણોમાં અર્પણ કર્યુ હતું. સુપ્રસિધ્ધ અંબાજી માતાને આ વર્ષે સાત હજારથી નાની-મોટી ધજાઓ ચઢાવવામાં આવી હતી, જેમાં ગુજરાતભરમાંથી પદયાત્રા કરીને આવતાં વિવિધ સંઘોએ લાંબી લાંબી ધજાઓ સાથે માતાના ધામમાં શીશ નમાવી આશીર્વાદ મેળવ્યા હતા અને વર્ષો જૂની પરંપરા નિભાવી હતી.

જિલ્લા પોલીસ પરિવાર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ધજા ચઢાવવામાં આવી હતી. ગત તા.૮ સપ્ટેમ્બરથી તા.૧૩ સપ્ટેમ્બર સુધીમાં ૩ લાખ ૧૦ હજાર ૫૭૬ ભાવિક ભક્તોએ પ્રસાદ લીધો હતો, જ્યારે ૨૨ લાખ,૭૭ હજાર,૧૦૫ પ્રસાદીના પેકેટસનું મંદિર ટ્રસ્ટ તરફથી વિતરણ કરવામાં આવ્યું હતુ, જયારે આ છ દિવસ દરમ્યાન કુલ રૂ.ત્રણ કરોડ, ૬૭ લાખ, ૩૬ હજાર, ૭૭૨ની આવક મંદિર ટ્રસ્ટને થઈ હતી. તો, ૧૨૩ ગ્રામ સોનું પણ ભકતોએ દાનમાં આપ્યું હતું. જો કે, આજે નવનીત શાહના નામના એક ભકતે તો વળી, એક કિલો સોનાનું દાન અંબાજી મંદિરમાં કર્યુ હતુ, જેની કિંમત રૂ.૩૧.૯૬ લાખ થતી હતી. આ માંઈ ભકત છેલ્લા ચાર વર્ષથી અંબાજી મંદિરમાં દર વર્ષે નિયમિત રીતે સોનાનું દાન આપતા આવ્યા છે, જેને લઈ અન્ય શ્રધ્ધાળુ ભકતોમાં ભારે ધાર્મિક આસ્થા છવાઈ હતી. આજે ભાદરવી પૂનમના મેળાના સમાપન સુધીમાં રાજ્યના ખૂણે ખૂણેથી અને રાજય બહારથી મળી અંદાજે ૧૭ લાખથી વધુ ભક્તોએ મા અંબાના પાવનકારી દર્શનનો લ્હાવો લીધો હતો. ગુજરાતભરમાંથી પદયાત્રા કરીને આવતા વિવિધ સંઘોએ લાંબી લાંબી ધજાઓ સાથે માના ધામમાં શીશ નમાવ્યું હતું.

## સાબરકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ સામેની અવિશ્વાસની દરખાસ્તનો મામલો પ્રદેશમાં પહોચ્યો

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લા પંચાયતના મહીલા પ્રમુખ વિરૂદ્ધ થોડા દિવસ અગાઉ મળેલી સામાન્ય સભામાં અંદાજે ૨૦થી વધુ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત રજુ કરતા મામલો ગરમાયો હતો. જેથી જિલ્લાવિકાસ અધિકારી ખાસ સામાન્ય સભા બોલાવે તે અગાઉ કોંગ્રેસના મોવડીઓ જિલ્લા પંચાયતમાં કોંગ્રેસની સત્તા ટકાવી રાખવા માટે ચિંતાતુર બન્યા છે. ત્યારે શુક્રવારે પ્રદેશના બે નિરીક્ષકો હિંમતનગર દોડી આવ્યા હતા અને નારાજ સભ્યો સાથે સામે ચાલીને બેઠક કરી હતી. જોકે નારાજ જુથે નમતુ ન જોખતા સોમવારે નિરીક્ષકો ફરીથી હિંમતનગર આવશે.

આ અંગે આધારભુત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ જિલ્લા પંચાયતના પ્રમુખ રતનબેન સુતરીયાની કાર્યપદ્ધતિથી નારાજ થઈને ભાજપ અને કોંગ્રેસના મળી અંદાજે ૨૦થી વધુ સભ્યોએ તેમની સામે અવિશ્વાસની દરખાસ્ત રજુ કરીને જિલા વિકાસ અધિકારીને લેખિત જાણ કરી હતી. જેના લીધે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસના સંગઠનમાં હકંપ મચી ગઈ હતી. તો બીજી તરફ હોદ્દાની રૂએ જિલ્લા કોંગ્રેસના પ્રમુખે અવિશ્વાસની દરખાસ્ત અંગે પ્રદેશમાં જાણ કરી હતી. જેને લઈને પ્રદેશમાંથી નિરીક્ષક તરીકે આવેલા ગોવાભાઈ રબારી તથા બાબુજી ઠાકોરે શુક્રવારે હિંમતનગરની મુલાકાત લઈને કોંગ્રેસના નારાજ જુથ સાથે ચર્ચા કરવા માટે હિંમતનગરના નવા સર્કિટહાઉસમાં બેઠક બોલાવી હતી. પરંતુ આ બેઠકમાં નારાજ જુથના સભ્યોએ જવાનુ મુનાસીબ માન્યુ ન હતુ. જેથી નિરીક્ષકો અને જિલ્લા કોંગ્રેસના અગ્રણીઓ બેઠક કરવા માટે હિંમતનગરની એક હોટલમાં આવ્યા હતા. જ્યાં નારાજ જુથ દ્વારા નિરીક્ષકોને પાંચ પાનામાં કેટલીક માંગણીઓ અને જિલ્લા પંચાયતના પ્રમુખની કાર્યપદ્ધતિથિ ઉભી થયેલી નારાજગી અંગે લેખિતમાં જાણ કરી હતી.

ત્યારબાદ પ્રદેશમાં આવેલા નિરીક્ષકોએ પ્રદેશ પ્રમુખ તથા અન્ય પદાધિકારીઓ સાથે વિચારવિમર્શ કરીને સોમવાર તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ હિંમતનગરની ફરીથી મુલાકાત લઈ નારાજ જુથના ૧૫થી વધુ સભ્યો સાથે ચર્ચા કરવાનુ નક્કી કર્યુ છે. ઉલ્લેખનીય છે કે ભુતકાળમાં જિલ્લાની કેટલીક સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં કોંગ્રેસના સભ્યોએ મોટા ઉપાડે પ્રમુખ વિરૂદ્ધ લવાયેલી અવિશ્વાસની દરખાસ્ત નાટક પુરવાર થાય તો નવાઈ નહી એમ કોંગ્રેસના એક અગ્રણીનું કહેવું છે. જોકે હાલ તો કોંગ્રેસના જિલ્લા પંચાયતના પ્રમુખની ખુરશી હાલકડોલક બની ગઈ છે. તેમ કહેવામાં અતિશયયોક્તિ નથી તેમ કોંગ્રેસના પીઢ અગ્રણીઓનું માનવું છે.

## દાહોદ થી પગપાળા યાત્રા કરી આવતો બકરોએ અંબાજી માતાજીના દર્શન કર્યા



ગુજરાતના લોકપ્રિય શક્તિપીઠ અંબાજી મંદિરમાં સાત દિવસથી ચાલતુ ભાદરવી મહાકુંભ આજ રોજ પૂર્ણ થયો છે સાત દિવસના મહામેળામાં અંદાજે ૨૦ લાખમાં ભક્તોએ માતાજીના દર્શન કર્યા હતા આજે અંબાજી મંદિરમાં ગુજરાત ના ગૃહ મંત્રી પ્રદીપસિંહ જાડેજા પોલીસ તરફથી ધજા અંબાજી મંદિર ચઢાવી હતી, આજે બપોરે અંબાજી મંદિરમાં બકરો પણ આવી પહોંચ્યો હતો અંબાજી મંદિર ના વહીવટદાર અને મંદિરના કર્મચારીઓ દ્વારા બકરા નું સ્વાગત કરવામાં આવ્યું હતું અને અંબાજી મંદિર માં આવેલી ગાદીના કશ્યપ ભાઈ મહારાજ દ્વારા બકરાને કુમકુમ તિલક કરી આવકારવામાં આવ્યો હતો આજે એક માઈ ભક્ત દ્વારા ૧ કિલો સોનાનું દાન પણ આપવામાં આવ્યું હતું.

## પાલનપુર મમતા મંદિર સ્કૂલની શિક્ષિકાને શ્રેષ્ઠ શિક્ષકનો રાષ્ટ્રીય પારિતોષક એનાયત

પાલનપુર, તા. ૧૪

૫ ઓક્ટોબરના વિશ્વ શિક્ષક દિને શિક્ષણક્ષેત્રે વિશિષ્ટ યોગદાન



આપનાર શિક્ષકોને પ્રોત્સાહિત કરવા માટે તેમને રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ આપીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું, જેમાં વર્ષ ૨૦૧૯-૨૦ માટે રાષ્ટ્રીય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે ના પરિતોષક માટે પાલનપુરની મમતા મંદિર સ્કૂલની શિક્ષિકાની પસંદગી કરવામાં આવી હતી અને તેમને શિક્ષક દિને દિલ્હી ખાતે રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો જેને લઈ શાળા પરિવાર અને શિક્ષકગણમાં આનંદની લાગણી છવાઈ છે.

એક શિક્ષક તરીકે કારકિર્દી શરૂ કરીને ભારતનું સર્વોચ્ચ પદ પામનાર પૂર્વ રાષ્ટ્રપતિ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસ ૫ ઓક્ટોબરના દિવસને દેશભરમાં શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે અને આ દિવસે શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરનાર શિક્ષકોને તેમની કામગીરીની કદરરૂપે એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવે છે જેમા વર્ષે ૨૦૧૯-૨૦ માટે રાષ્ટ્રીય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પાલનપુર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત મમતા મંદિરની શ્રવણ દિવ્યાંગ બાળકોની પ્રાથમિક શાળાના સિનિયર શિક્ષિકા શ્રીમતી કંચનબેન પંડ્યાની પસંદગી થવા પામી છે અને તેમને ૫ સપ્ટેબર ૨૦૧૯ના શિક્ષકદીને રાજધાની દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે ભારતના રાષ્ટ્રપતિ મહામહિમ રામનાથ કોવિંદના વરદ હસ્તે શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

જોકે શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો રાષ્ટ્રીય પારિતોષિક મેળવનાર પાલનપુરના કંચનબેન પંડ્યાને વર્ષ ૨૦૧૬-૧૭ મા પણ ગુજરાતના રાજ્યપાલ ઓ.પી. કોહલીના વરદ હસ્તે શ્રેષ્ઠ શિક્ષકનો રાજ્ય પુરસ્કાર એનાયત થયો હતો જે બાદ તેમની રાષ્ટ્રીય કક્ષાના રાષ્ટ્રપતિ એવોર્ડ મળતા શાળા પરિવારમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે

## જીસીઆઈ મોડાસા દ્વારા લાટીવાળા ડી.એલ.એડ. કોલેજમાં મહેંદી અને રંગોળી સ્પર્ધા સંપન્ન

મોડાસા, તા. ૧૪

શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ, મોડાસા સંચાલિત





કેમ્પસની શિક્ષકો તૈયાર કરતી સંસ્થા લાટીવાળા ડી.એલ.એડ. કોલેજમાં જેસીઆઈ મોડાસાના જેસી વીકની ઉજવણી નિમિત્તે મહેંદી અને રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ઝોન પ્રમુખ જેસી દક્ષ શાહ, ઝોન ડાયરેક્ટર પ્રોગ્રામ જેસી અનંત ભરૂચા, ઝોન ડાયરેક્ટર ટ્રેનીંગ જેસી પુષ્કર જોષી, ઝોન કાઉન્સેલર સોશ્યલ સીક્યોરીટી સ્કીમ જેસી કલ્પેશ મહેતા તથા જેસીઆઈ મોડાસાના પ્રમુખ જેસી અતુલ પટેલ, પૂર્વ પ્રમુખ જેસી અલ્પેશ પટેલ, જેસી મુકુન્દ શાહ, જેસી રાજેશ રામજીયાની, જેસી ધર્મેન્દ્ર ત્રિવેદી, જેસી રવિ શાહ, જેસી રસીક પટેલ, જેસી મુકેશ પટેલ, જેસી અર્પીત પટેલ, જેસી દિનેશભાઈ શાહ, જેસીરેટ બેલા પટેલ, જેસીરેટ છાયા રામજીયાની ઉપસ્થિત રહ્યા હતા. ડી.એલ.એડ. કોલેજના તાલીમાર્થીઓએ રંગોળી સ્પર્ધામાં પ્રથમ પ્રિયંકા જે. ચૌહાણ, દ્વિતીય હિરલ કે. મકવાણા, તૃતિય ક્રમાંકે સોલંકી અનિરૂદ્ધ બી. અને સુવેરા રેણુકા વી. રહ્યા હતા. જ્યારે મહેંદી સ્પર્ધામાં પ્રથમ પટેલ પૂર્વિ એમ., દ્વિતીય મકવાણા હિરલ કે., તૃતિય ક્રમાંકે ચૌહાણ પ્રિયંકા જે. તથા ખરાડી નિતા કે. રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના કા. આચાર્ય ગીતાબેન નિનામાએ પધારેલ મહેમાનોનું સ્વાગત કર્યુ હતુ. કાર્યક્રમનું સંચાલન અને આભાર દર્શન મુકુન્દ શાહે કર્યુ હતુ. સ્પર્ધાના નિર્ણાયક તરીકે પ્રા. વ્રજેશ પંડ્યા તથા પ્રા. ગીતાબેન નિનામાએ સેવાઓ આપી હતી. કેળવણી મંડળના પ્રમુખ નવીનભાઈ મોદી તથા મંત્રી ધીરેનભાઈ પ્રજાપતિએ વિજેતા તાલીમાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### શામળાજી પોલીસે મોડાસાના

## ''ગગા'' નામના બુટલેગરે મંગાવેલ ૩૮ હજારનો વિદેશી દારૂ રીક્ષામાંથી ઝડપ્યો

શામળાજી, તા. ૧૪

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં વિદેશી દારૂના શોખીનો મોટા પ્રમાણમાં દારૂ ગટગટાવી જતા હોવાથી બંને જીલ્લામાં સ્થાનિક બુટલેગરો રાજસ્થાનના ઠેકાઓ પરથી અને બુટલેગરો પાસેથી વિદેશી દારૂ-બિયર મંગાવી દારૂબંધીના ઓથ હેઠળ તગડો નફો રળી રહ્યા છે. બંને જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં માંગો તે બ્રાન્ડનો શરાબ ગણતરીના કલાકમાં બુટલેગરો પહોંચાડી રહ્યા છે.

શામળાજી પીએસઆઈ સંજય શર્મા અને તેમની ટીમે રતનપુર ચેકપોસ્ટ નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા અણસોલ ગામની સીમમાંથી રાજસ્થાન તરફથી વિદેશી દારૂ-બિયર ભરી આવતા ચાલકને દબોચી લીધો હતો. ૩૮ હજારનો વિદેશી દારૂ રીક્ષા ચાલકે મોડાસાના ''ગગા'' નામના બુટલેગરે મંગાવ્યો હોવાનું જણાવ્યું હતું.

અણસોલ ગામ નજીક વાહનોના ચેકીંગ દરમિયાન રાજસ્થાન તરફથી આવતી રીક્ષા (ગાડી.નં-જીજે.૩૧.એક્સ.૧૬૩૮)ને અટકાવી તલાસી લેતા રીક્ષામાંથી વિદેશી દારૂ-બિયરની પેટી નંગ-૮ કુલ બોટલ નંગ-૧૨૦ કીં. રૂ.૩૮૪૦૦ના જથ્થા સાથે સુભાષ રણછોડભાઈ નિનામા (રહે.અણસોલ,ભિલોડા)ને ઝડપી પાડી રિક્ષાની કીં. રૂ.૧૦૦૦૦૦ મળી કુલ રૂ.૧૩૮૪૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી વિદેશી દારૂ મંગાવનાર મોડાસાના ''ગગા'' નામના બુટલેગર અને વિદેશી દારૂ ભરી આપનાર રાજસ્થાનના શખ્સ વિરુદ્ધ શામળાજી પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



વૃક્ષારોપણ - બનાસકાંઠાના પાલનપુર તાલુકાના માલણ ગામની શેઠશ્રી ટી.પી. હાઈસ્કૂલમાં ×એક વૃક્ષ, એક બાળ× યોજના અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો આવ્યો હતો. આ કાર્યક્રમમાં શાળાના પ્રાંગણ તેમજ પ્રાંગણ ફરતે ૯ થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા વૃક્ષારોપણ કરાયું હતું. આ પ્રસંગે શાળાના શિક્ષક બાબુભાઈ પરમારે બાળકોને વૃક્ષારોપણનું મહત્વ સમજાવી દરેક બાળકોને વૃક્ષોનું જતન કરવાની જવાબદારી સોંપી હતી. પ્રત્યેક બાળકને એક એક વૃક્ષ આપી ઘરે વૃક્ષ વાવી તેનું જતન કરવા સમજણ અપાઈ હતી. કાર્યક્રમનું આયોજન ભરતભાઈ પટેલ અને રાહુલભાઈ ચૌધરી દ્વારા કરાયું હતું. શાળાના આચાર્ય ડો. રાજેશકુમાર પ્રજાપતિએ શિક્ષકો અને વિદ્યાર્થીઓની કામગીરીને બિરદાવી વૃક્ષારોપણનું જતન કરવાનો સંકલ્પ લેવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

### શાળાને નોટિસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કમ્પાઉન્ડમાં બાળકોને સાથે રાખી વૃક્ષારોપણ કરવા માટે જિલ્લાની તમામ ૬૪૦ સરકારી શાળાના આચાર્યને આદેશ કરવામાં આવ્યો હતો. પરંતુ ચાર તાલુકામાં આવેલી ૧૪ શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો ન હતો. તે અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ ગંભીર નોંધ લીઈને જવાબદાર આચાર્યોને નોટિસ આપવામાં આવી છે. તેમાં વૃક્ષારોપણ કાર્યક્રમ નહીં યોજવા માટેના લેખિત કારણ દર્શાવવા તાકિદ કરવામાં આવી છે.

### ગટરો ઉભરાતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્યારે ગટરોની ફરિયાદોને નિવારવાનુ કામ પણ તંત્ર માટે વધુ મુશ્કેલ બન્યુ છે. શહેરના સેકટરોમાં પથરાયેલી ગટર લાઈન ચાર દાયકાથી પણ વધુ સમય જુની છે. જયારે સેકટરની વસતી અને વિકાસ મુજબ દાયકાઓ પુર્વે ઉભી કરાયેલી ગટર વ્યવસ્થાના અંતે હાલની સ્થિતિએ જુની લાઈન અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. સેકટરોમાં વસતી મુજબ ગટરલાઈન અપગ્રેડ ન કરાતા રોજબરોજ ગટર લાઈનને લગતી સમસ્યાઓ વધુ જટીલ બની રહી છે. સેકટરોમાં ગટરોની મુખ્ય લાઈન બદલવા માટે સ્માર્ટ સીટી અન્વયે આયોજન કરવામાં આવ્યુ છે. આગામી દિવસોમાં સેકટરોમાં ગટરની મુખ્ય લાઈન બદલવા માટે પણ કામગીરી હાથ ધરાશે. આ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. પરંતુ હાલની સ્થિતિએ સેકટરોમાં ગટરની સમસ્યા દિનપ્રતિદિન વધી રહી છે. રોજબરોજ શહેરના એકાદ સેકટરોમાં ગટરોનુ દુષિત પાણી ફરી વળે છે. જયારે એકાદ જગ્યાએ ગટર લાઈનના મેઈનહોલમાં ગાબડુ સર્જાય છે. આવા સંજોગોમાં સ્માર્ટ સીટી અન્વયે ગટર લાઈન અપગ્રેડ કરવાનુ કામ હાથ ધરવામાં આવે તે પુર્વે સેકટરોમાં ઉદભવતી ગટરના પ્રશ્નોનો ઝડપથી નિકાલ લાવવા માટે નક્કર વ્યવસ્થા ગોઠવાની અનિવાર્યતા છે. રોજબરોજ મેઈનહોલ તુટતા હોવાની સાથે અનેકવિધ ફરિયાદો પણ ઉઠવા પામે છે. સેકટરોમાં ગટર લાઈન ઉભરાતી હોવાની ફરિયાદોના લીધે સ્થાનિક નાગરિકો તોબા પોકારી ગયા છે. બીજીતરફ વરસાદી ઋતુમાં ગટરલાઈનની સમસ્યા ત્વરિત નિકાલ ન આવતા રોગચાળાની દહેશત પણ પ્રબળ બને છે. શહેરના ખાનગી રહેણાંક વિસ્તાર ઉપરાંત સરકારી વસાહતોમાં પણ ઠેર ઠેર ગટરો ઉભરાતી હોવાથી સ્થાનિક રહીશોમાં આક્રોશ પ્રવર્તયો છે.

### મોરપીંછના રંગ

● ચોથા પાનાનું ચાલુ

લાખો કરોડો રૂપિયા બાપુની સાથે કથામાં જતા સાહિત્યકારો, કલાકારો કે વિદ્વાનો અને હજારો લાખો લોકોના ભોજન પાછળ ખર્ચે છે. આમ છતાંય બન્નેને ઘણીવખત સામાજિક વિરોધોનો સામનો કરવો પડ્યો છે. અને આ વખતે બાપુના એક શબ્દથી, કદાચ વ્યંગ્યથી આટલો મોટો વિવાદ છેડાઈ ગયો છે ત્યારે સૌએ સાથે મળીને વિવાદને સંવાદમાં ફેરવવાના પ્રયત્નો કરવા જરુરી છે. નહીં કે પોતાની સર્વોપરિતા સિદ્ધ કરવાની. બાકી ઈતિહાસ ઈતિહાસનું કામ કરશે જ. માનીએ તો પ્રકૃતિના દરેક કણમાં ઈશ્વર છે. પથ્થર હોય કે પાંદડું હોય.. અને ના માનીએ તો સંસારમાં ક્યાય ઈશ્વર છે જ નહીં.

બાકી આજે નથી નીલકંઠ કે નથી શિવ કે નથી રામ - કૃષ્ણ, છીએ તો આપણે છીએ. આપણો વર્તમાન છે, આપણા સૌનું ભાવિ છે. નરેન્દ્ર મોદી છે, ચન્દ્રયાન - ૨ છે, ઈસરો - નાસા છે, કશ્મીર છે, પાકિસ્તાન છે, ડોનાલ્ડ ટ્રમ્પ છે, ચીન છે, આપણા સૌના હાથમાં મોબાઈલ છે એમાં ઈન્ટરનેટ છે, ગુગલ છે, ફેસબૂક ને વૉટ્સપ છે સૌ એમાં વ્યસ્ત છીએ. અને આ વ્યસ્તતા ઓછી છે કે...? જેને જોયા નથી એના માટે થઈને - જેને જોઈએ છીએ એની સાથે જ લડીએ ? દુનિયાનો દરેક ધર્મ, સંપ્રદાય સૌને એકબીજાને પ્રેમ કરવાનું શીખવે છે, સન્માન કરવાનું શીખવે છે. તો આવો સૌ સાથે મળીને સંવાદ સ્થાપીને, એકબીજાની ગરિમા વધે એવી રીતે એકબીજાને સન્માન આપીને સૌને પ્રેમ કરીએ. અને સંસારનું અમૃત પીને આપણે સૌ નીલકંઠ બનીએ. જય શ્રી રામ. જયશ્રી સ્વામીનારાયણ.

- 9426060601.india@gmail.com

### રઝળપાટ

● ચોથા પાનાનું ચાલુ

ફરજ પણ છે અને એ આપણી જ સલામતી માટે મહત્વની પણ છે જ બાકી તો શું છે કે કરોડો નાગરીકો અને વાહનોથી ઉભરાતા શહેરો કે કિલોમીટરો લાંબા હાઈવેઝ પર બધે તો કાઈ ટ્રાફિક પોલીસ પહોચી વળવાની છે નહિ અને એટલી ફોર્સ પણ છે નહિ કે બધાને હાથ પકડી પકડીને સમજાવે. કદાચ આટલા આકરા દંડ અને નવા નિયમોથી સરકાર આપણને ટ્રાફિક નિયમન અને આપણી ખુદની સલામતી પ્રત્યે જાગૃત થવાનો એક મોકો આપી રહી છે – અવેર કરી રહી છે એટલામાં આપણી પણ ફરજ બને છે કે ટ્રાફિક અને રોડ સેફ્ટીના નિયમોનું પાલન કરીએ અને એના વિપરીત પરિણામોથી બીજાને અને આપણને ખુદને બચાવીએ...!! નો ડાઉટ અત્યારે સુધી કદાચ હાર્ડલી ફોલો નથી કર્યુ એટલે શરૂઆતમાં તકલીફ તો પડશે જ પણ લાંબાગાળે આ મને તમને અને આપણી આવનારી પેઢીઓને જાન અને માલ બંને રીતે ખુબ જ ફાયદો કરાવશે એ નક્કી છે...!!!

### નર્મદા બંધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કક્ષાના કાર્યક્રમ હેઠળ વૃક્ષારોપણ હેઠળ ગ્રીન ગુજરાતની નેમ સાકાર કરવામાં આવશે. દરમ્યાન મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, આગામી તા.૧૭ સપ્ટેમ્બરે નર્મદા ડેમના સંકલ્પને સિધ્ધિ સુધી પહોંચાડનાર યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા નદી પર બાંધવામાં આવેલ સરદાર સરોવર ડેમ તેની મહત્તમ સંગ્રહ ક્ષમતા સુધી ભરાવા જઈ રહ્યો છે. સરદાર સરોવર ડેમ યોજનાની પૂર્ણતાનું વર્ષો જુનું સ્વપ્ન સાકાર થવા જઈ રહ્યુ છે.બીજીબાજુ, નર્મદા ડેમ છલોછલ ભરાઈ જતાં સમગ્ર ખેડૂતઆલમ સહિત રાજયનો પ્રત્યેક નાગરિક ખુશી અને ગૌરવની લાગણી અનુભવી રહ્યો છે.

### હાઉસીંગ સેક્ટર

● અનુસંધાન પહેલાનું ચાલુ

નહીં. સરકારની આ જાહેરાતથી દિલ્હી અને એનસીઆરમાં આવાસનો ઈન્તજાર કરી રહેલા હજારો રોકાણકારોને લાભ થશે. આ ઉપરાંત નિકાસને પ્રોત્સાહન આપવા માટે દેશમાં આગામી માર્ચમાં મેગા શોપિંગ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત નિર્મલા સીતારામને જીએસટી હેઠળ ઈનપુટ ટેક્સ ક્રેડીટ માટે પૂર્ણ સ્વસંચાલિત ઈલેક્ટ્રોનિક રિફંડની વ્યવસ્થા લાગુ કરવાની વાત કરી છે. આને આ મહિનાના અંત સુધી શરૂ કરવામાં આવશે. ૪ શહેરોમાં શોપિંગના મહા મેળાનું આયોજન કરવામાં આવશે. હાઉસિંગ સેક્ટરને બુસ્ટરડોઝ આપતા લોકોને મોટી રાહત થઈ શકે છે. હાઉસિંગ સેક્ટરને પ્રોત્સાહન આપવા અને ઘર ખરીદવા માટે ઈચ્છુક લોકોને મોટી રાહત આપવામાં આવી છે. સરકારનું ધ્યાન અટવાયેલા પ્રોજેક્ટોને પૂર્ણ કરવા પર કેન્દ્રિત રહેશે. હાઉસિંગ બિલ્ડિંગ પર વ્યાજને ઘટાડવામાં આવશે. નાણાંમંત્રીએ કહ્યું હતુ કે, નોન એનપીએ અને નોન એનસીએલટી હાઉસિંગ પ્રોજેક્ટોને પુર્ણ કરવા માટે ફંડની વ્યવસ્થા કરવામાં આવશે. આના હેઠળ સરકાર ૧૦ હજાર કરોડ રૂપિયાની વ્યવસ્થા કરી રહી છે. આટલી જ રકમ બહારના રોકાણકારો પણ લગાવી શકશે. ઘર ખરીદવા માટે જરૂરી ફંડ માટે સ્પેશિયલ વિન્ડો બનાવવામાં આવશે. જેમાં નિષ્ણાંત લોકો કામ કરશે. લોકોને ઘર ખરીદવામાં સરળતા રહેશે અને સરળતાથી લોન પણ લઈ શકાશે.